**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Thursday
22.09.2022
Year 10, Issue 243

દૈનિક

● વર્ષ : ૧૦ ● અંક : ૨૪૩ ● તા.૨૨.૦૯.૨૦૨૨ ● ગુરૂવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 10 ● Issue : 243 ● Date : 22-09-2022 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387


### દિલ્હી પોલીસે ૨૨ ટનનું એક કન્ટેનર જપ્ત કર્યું

# મુંબઈના ન્હાવા શેવા પોર્ટથી ૧૭૨૫ કરોડનું હેરોઈન જપ્ત કરાયું

## પોલીસે ડ્રગ માફિયાઓના મોટા ખેલને નાકામ કર્યો, સવાલ ઉઠી રહ્યો છે કે, તમામ સુરક્ષા વચ્ચે ડ્રગ્સનો જથ્થો ભારતીય સીમામાં કેવી રીતે પ્રવેશ્યો ?

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પરથી હેરોઈનનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પોલીસે ૨૨ ટનનું એક કન્ટેનર જપ્ત કર્યું છે જેમાં મોટા પ્રમાણમાં હેરોઈન ભરીને લાવવામાં આવી રહી રહ્યું હતું. જપ્ત કરાયેલ હેરોઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧,૭૨૫ કરોડ રૂપિયા છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ જાણકારી આપી છે. દિલ્હી પોલીસે ડ્રગ માફિયાઓના મોટા ખેલને નાકામ કરી દીધો છે. પોલીસને હેરોઈનનો મોટો જથ્થો ભારતમાં લાવવામાં આવી રહ્યો હોવાની ગુપ્ત સૂચના મળી હતી. ત્યારબાદ સ્પેશિયલ સેલની એક ટીમે નાવા શેવા પોર્ટ પરથી એક કન્ટેનર જપ્ત કર્યું હતું. જ્યારે તેની તપાસ કરવામાં આવી તો પોલીસના પણ હોંશ ઉડી ગયા હતા. ટીમે કન્ટેનરમાંથી લગભગ ૨૦ ટન હેરોઈન જપ્ત કર્યું છે. હવે પોલીસ સામે સૌથી મોટો સવાલ એ છે કે, ડ્રગ્સનો આટલો મોટો જથ્થો કોણે મંગાવ્યો હતો?



તેની સાથે જ એ પણ સવાલ ઉઠી રહ્યો છે કે, તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ડ્રગ્સનો જથ્થો ભારતીય સીમામાં કેવી રીતે પ્રવેશ્યો? શું કોઈ પણ સ્તરે તેની તપાસ નહોતી કરવામાં આવી.

દિલ્હી પોલીસ દ્વારા થોડા દિવસ પહેલા જ ૧૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ સેલે બે અફઘાન નાગરિકોની ધરપકડ કરીને નાર્કો ટેરરનું મોટું ષડયંત્ર નાકામ કરવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. ગુપ્ત સૂચના પ્રમાણે મુંબઈ સ્થિત નાવા શેવા પોર્ટ પરથી ૧,૭૨૫ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. પૂછપરછ દરમિયાન અફઘાન નાગરિકોએ ખુલાસો કર્યો હતો કે, મુંબઈ પોર્ટ પર પણ કન્ટેનરમાં ડ્રગ છે. આ સૂચનાના આધારે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ તપાસ કરવા માટે મુંબઈ પહોંચી હતી જ્યાં ૨૦ ટન હેરોઈન મળી આવ્યું હતું.

આ મામલો ખૂબ જ ગંભીર ગણાવવામાં આવી રહ્યો છે કારણ કે, ૨ દિવસ પહેલા જ વિશ્વના સૌથી મોટા ડ્રગ માફિયા ગણાતા અફઘાન નાગરિક નૂરજહીને યુએસ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. એંસીના દાયકામાં નૂર અફઘાનિસ્તાનની સંસ્થાઓથી લઈને વિશ્વના ઘણા દેશોમાં ડ્રગ્સના કારોબારમાં માસ્ટર હોવાનું કહેવાય છે.


**બજારની વાત**

તા.૨૧.૦૯.૨૦૨૨

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૫૯૪૫૬.૭૮ | -૨૬૨.૯૬ | -૦.૪૪ % |
| **નિફ્ટી** | | |
| ૧૭૭૧૮.૩૦ | -૯૮.૦૦ | - ૦.૫૫ % |

**કોમોડીટી**

| | | |
|---|---|---|
| **ક્રુડ** | | |
| ૬,૭૩૪.૦૦ | -૧૦.૦૦ | - ૦.૧૫ % |
| **સોનું** | | |
| ૪૯,૩૨૪.૦૦ | ૧૪૯.૦૦ | ૦.૩૦ % |
| **ચાંદી** | | |
| ૫૭,૦૪૪.૦૦ | ૭૦૧.૦૦ | ૧.૨૪ % |
| **નેચરલ ગેસ** | | |
| ૬૨૧.૦૦ | ૨.૪૦ | ૦.૩૯ % |

**ચલણી નાણું**

| | | |
|---|---|---|
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૦.૨૧૫૦ | ૦.૨૩ | ૦.૨૯ % |
| **પાઉન્ડ / રૂપિયો** | | |
| ૯૦.૭૯૭૫ | -૦.૫૭ | -૦.૬૨ % |


## ૨૭ સપ્ટેમ્બરથી સુપ્રીમ કોર્ટની સુનાવણીનું લાઈવ પ્રસારણ કરાશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૧

જો તમે સુપ્રીમ કોર્ટની કાર્યવાહી જોવા ઈચ્છો છો તો તમારા માટે સારા સમાચાર છે. ૨૭ સપ્ટેમ્બર મંગળવારથી સુપ્રીમ કોર્ટમાં બંધારણીય બેન્ચની તમામ સુનાવણીનુ લાઈવ પ્રસારણ કરવામાં આવશે.આ પહેલા ભારતના ૪૮મા સીજેઆઈ એનવી રમનાના કાર્યકાળના અંતિમ દિવસે તેમની અધ્યક્ષતાવાળી સેરેમોનિયલ બેન્ચની કાર્યવાહીનુ લાઈવ પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. ભારતના સીજેઆઈ ઉદય ઉમેશ લલિતએ પૂર્ણ કોર્ટની બેઠકની અધ્યક્ષતા કરી. જેમાં તમામ ન્યાયાધીશોએ જાહેર અને બંધારણીય મહત્વના કેસની કાર્યવાહીની લાઈવ સ્ટ્રીમિંગ કરવા મુદ્દે સંમતિ વ્યક્ત કરી.

વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહએ ગયા અઠવાડિયે સીજેઆઈ ઉદય ઉમેશ લલિત અને તેમના સાથી ન્યાયાધીશોને પત્ર લખીને જાહેર અને બંધારણીય મહત્વની બાબતોની કાર્યવાહીની લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરવાની વિનંતી કરી હતી. અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટમાં બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ ન્યાય મેળવવાના અધિકાર હેઠળ કોર્ટની કાર્યવાહીનુ સીધુ પ્રસારણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર અનામત, ધાર્મિક પ્રથા, વર્ષ ૧૯૮૪માં થયેલી ભોપાલ ગેસ દુર્ઘટના સહિત અન્ય જાહેર અને બંધારણીય મહત્વની બાબતોની કાર્યવાહીનુ લાઈવ પ્રસારણ કરવામાં આવશે જેનાથી લોકો સાથે જોડાયેલા મુદ્દાઓની સુનાવણી દરમિયાન સામાન્ય લોકો સીધી સુપ્રીમ કોર્ટની કાર્યવાહી જોઈ શકે.

આનાથી વકાલતનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે.

ગુજરાત, ઓડિશા, કર્ણાટક, ઝારખંડ, પટના અને મધ્ય પ્રદેશ હાઈકોર્ટ પોતાની યુટ્યુબ ચેનલોના માધ્યમથી કોર્ટની કાર્યવાહીનુ સીધુ પ્રસારણ કરે છે. મીડિયા રિપોર્ટ અનુસાર કોર્ટની કાર્યવાહીનુ લાઈવ પ્રસારણ કરવા માટે એક પ્લેટફોર્મ તૈયાર કરવા પર કામ કરવામાં આવી રહ્યુ છે જે બાદ ન્યાયતંત્ર સાથે જોડાયેલી તમામ જાણકારી અને કોર્ટની કાર્યવાહીનુ જીવંત પ્રસારણ જોવુ સરળ થઈ જશે.

જ્યારે બાળકો નાના હોય છે, ત્યારે માતા-પિતા ખૂબ કાળજી રાખે છે કે તેઓ રમતગમત કરતી વખતે કંઈપણ ગળી ન જાય, જેથી તે તેમના ગળામાં ફસાઈ જાય. આ કારણે નાના બાળકોને સિક્કા, ઢાંકણા, ચણા વગેરે જેવી ઘણી વસ્તુઓથી દૂર રાખવામાં આવે છે. પણ શું તમે વડીલોને આવું કામ કરતા જોયા છે? કદાચ નહીં, પરંતુ એક વૃદ્ધ મહિલાએ બાળકની જેમ અભિનય કર્યો અને ઘડિયાળ-ટીવીના રિમોટમાં લગાવેલી ૫૫ બેટરી ગળી ગઈ. રિપોર્ટ અનુસાર, આયર્લેન્ડના ડબલિનમાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં એક ૬૬ વર્ષની મહિલા એવું કામ કર્યું કે લોકો તેના પર વિશ્વાસ કરી શકતા નથી. મહિલાએ પોતાની જાતને ઈજા પહોંચાડવા માટે એક કે બે નહીં પણ ગુદામાર્ગ અને પેટમાંથી કાઢી નાખેલી આખી ૫૫ બેટરી ગળી ગઈ. બેટરી પેટમાં જ હતી, જેને કાઢવા માટે ડોક્ટરોએ પરસેવો પાડ્યો હતો. જ્યારે એક મહિલા પેટમાં દુખાવાની ફરિયાદ સાથે સેન્ટ વિન્સેન્ટ યુનિવર્સિટી હોસ્પિટલમાં પહોંચી તો ડોક્ટરોએ તેનો એક્સ-રે કર્યો. તેમાં તેમને ઘણી



બેટરીઓ ફસાયેલી જોવા મળી હતી. સદભાગ્યે, તે બેટરીઓ આંતરડાના માર્ગને અવરોધિત કરતી નથી. લાઈવ સાયન્સ વેબસાઈટ મુજબ, ડોકટરોએ પેટની તપાસ કરી અને જાણવા મળ્યું કે તે બેટરીઓ સ્ટૂલ દ્વારા આપમેળે બહાર આવશે. મહિલાએ પહેલા અઠવાડિયે 3 AA પાવરની બેટરીને મળ દ્વારા કાઢી નાખી હતી પરંતુ બાકીની અટવાઈ રહી હતી. જ્યારે પેટમાં દુખાવો વધ્યો ત્યારે ડોક્ટરોએ જોયું કે બેટરીના વજનને કારણે મહિલાનું પેટ પ્યુબિક બોન પર લટકતું હતું. ત્યારબાદ તેણે સર્જરી દ્વારા બેટરીને દૂર કરવાનો નિર્ણય કર્યો. ડોક્ટરોએ ઓપરેશનની મદદથી ૪૬ બેટરીઓ કાઢી. પરંતુ ૪ બેટરીઓ ગુદામાર્ગમાં ગઈ હતી પરંતુ તે ત્યાં જ ફસાઈ ગઈ હતી. તેને ડોક્ટરોએ પાછળથી બહાર કાઢ્યો હતો. આ રીતે મહિલાના પેટમાંથી કુલ 55 AA અને AAA બેટરીઓ કાઢવામાં આવી હતી. આઈરિશ મેડિકલ જર્નલમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, આ પહેલો કેસ છે જેમાં કોઈ વ્યક્તિએ આટલી મોટી સંખ્યામાં બેટરીનું સેવન કર્યું હોય.

## પીએમ કેર ફંડના ટ્રસ્ટી તરીકે ઉદ્યોગપતિ રતન તાતા નિયુક્ત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૧

ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટાને પીએમ મોદીએ પીએમ કેર ફંડના ટ્રસ્ટી તરીકે નિયુક્ત કર્યા છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ કેટી થોમસ અને લોકસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર કરિયા મુંડાને પણ પીએમ કેર ફંડના ટ્રસ્ટી બનાવાયા છે.

અહેવાલ અનુસાર દેશના બીજા કેટલાક જાણીતા વ્યક્તિઓને પણ એડવાઈઝર ગ્રુપમાં સ્થાન અપાયુ છે. જેમાં પૂર્વ સીએજી રાજીવ મહર્ષિ, ઈન્ફોસિસ ફાઉન્ડેશનના પૂર્વ ચેરમેન સુધા મૂર્તિ, પિરામલ ફાઉન્ડેશનના પૂર્વ સીઈઓ આનંદ શાહનો સમાવેશ થાય છે.મંગળવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં પીએમ કેરના ટ્રસ્ટી બોર્ડની બેઠક યોજાઈ હતી. જેમાં ગૃહ મંત્રી અમિત શાહ અને નાણા મંત્રી નિર્મલા સિતારમન પણ હાજર રહ્યા હતા.આ સાથે નવા ચૂંટાયેલા સભ્યોએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.પીએમ મોદીએ નવા ટ્રસ્ટીઓનુ સ્વાગત કર્યુ હતુ.૨૦૨૦ના કોરોના કહેર વખતે પીએમ કેર ફંડની રચના કરવામાં આવી હતી. જેના અધ્યક્ષ વડાપ્રધાન મોદી પોતે છે.પીએમ મોદીએ કહ્યુ હતુ કે, નવા ટ્રસ્ટીઓ અને નવા સલાહકારોના યોગદાનના કારણે આ ટ્રસ્ટની કાર્યપ્રણાલીને બહોળો દ્રષ્ટિકોણ મળશે. ટ્રસ્ટીઓનો જાહેર જીવનમાં વ્યાપક અનુભવ આ કેર ફંડને વધારે જવાબદાર બનાવશે.

પીએમ કેર ફંડમાં જમા થયેલી રકમ ૨૦૨૦-૨૧માં ૧૦૦૦૦ કરોડ પર પહોંચી હતી અને તેમાંથી ૧૩૯૨ કરોડ રુપિયાની કોરોના વેક્સીન ખરીદવામાં આવી હતી તેમજ લોક કલ્યાણ માટે બીજા ૧૦૦૦ કરોડની ફાળવણી કરાઈ હતી.

### એક તામિલ યુવકનો એસઓએસ વીડિયો વાઈરલ

# મ્યાનમારના મ્યાવાડી પ્રાંતમાં એક ગ્રુપે ૩૦૦ ભારતીયોને બંધક બનાવ્યા

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૧

મ્યાનમારના મ્યાવાડી પ્રાંતમાં એક ગૃપે ૩૦૦થી વધુ ભારતીયોને બંધક બનાવીને રાખ્યા છે અને તેમને સાઈબર ક્રાઈમ કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. આ લોકોને મ્યામાર સરકારનો સેન્ટ્રલ કંટ્રોલ નથી એવા ક્ષેત્રમાં બંધક બનાવીને રાખવામાં આવ્યા છે. આ વિસ્તાર પારંપરિક રીતે આર્મ્ડ ગૃપના નિયંત્રણમાં છે. આ વિસ્તારમાં ભારતીયો ઉપરાંત અન્ય દેશોના લોકોને પણ બંધક બનાવીને રાખવામાં આવ્યા છે. બંધક બનાવનારા ગૃપ મ્યાવાડીના છે.

હકીકતમાં જ્યારે એક તામિલ યુવકનો એસઓએસ વીડિયો વાઈરલ થયો ત્યારે આ સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ વીડિયોમાં તે યુવકે તમિલનાડુ અને ભારત સરકાર પાસે મદદની અપીલ કરી હતી. તેણે વીડિયોમાં પોતાની આપવીતી જણાવી હતી. તેણે કહ્યું હતું કે, 'અમને દિવસમાં ૧૫ કલાક સુધી કામ કરવા માટે મજબૂર કરવામાં આવે છે અને જો અમે ના પાડીએ તો અમને માર મારવામાં આવે છે તથા ઈલેક્ટ્રિક શોક આપવામાં આવે છે. અમારી પાસે બળજબરીપૂર્વક સાઈબરક્રાઈમ કરાવવામાં આવી રહ્યો છે.

મળતી માહિતી પ્રમાણે મ્યાવાડીના આ ગૃપે આશરે ૩૦૦થી વધુ ભારતીયોને થાઈલેન્ડમાં જોબ આપવાની લાલચ આપીને મ્યાનમારમાં બંધક બનાવીને રાખ્યા છે. તેમાં તમિલનાડુના આશરે ૬૦ લોકો છે. આ ઉપરાંત અન્ય દેશના લોકો પણ આ રેકેટનો ભોગ બની રહ્યા છે. આ અંગે કરાઈકલમેડુના એક માછીમારે પુડુચેરીમાં કરાઈકલના ડીસીને પોતાના પુત્રને બચાવવાની અપીલ કરી છે. તેનો પુત્ર પણ ભારતીય બંધકોમાંથી એક છે.

માછીમારના બીજા પુત્રે જણાવ્યું હતું કે, તેનો મોટો ભાઈ દુબઈમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરતો હતો. આ વર્ષની શરૂઆતમાં તેને પ્રમોશન આપ્યું હતું અને કહ્યું હતું કે, તેઓ તેને પોતાની થાઈલેન્ડની ઓફિસે લઈ ગયા હતા. થાઈલેન્ડથી તેને ગેર કાયદેસર રીતે મ્યાનમાર લઈ જઈને બંધક બનાવવામાં આવ્યો હતો.

તમને જણાવી દઈએ કે આ વર્ષે ૫ જુલાઈના રોજ ભારતીય દૂતાવાસે નોકરીના નામે છેતરતા અપરાધીઓથી દૂર રહેવા માટે એક એડવાઈઝરી પણ જારી કરી હતી. મળતી માહિતી પ્રમાણે અત્યાર સુધી આ મામલામાં ૩૦ થી વધુ ભારતીયોને બચાવવામાં આવ્યા છે અને બાકીઓને બચાવવા માટે પ્રયાસ ચાલુ છે.

### અશોક ગેહલોતને રાજસ્થાનનો મોહ નથી છૂટી રહ્યો

# રાજ્ય અને પક્ષની કમાન સંભાળવા ગેહલોતની હાઈકમાન્ડ સમક્ષ રજૂઆત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૧

કોંગ્રેસ અધ્યક્ષ પદની દાવેદારીમાં નજર આવી રહેલા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતથી પોતાના રાજ્યનો મોહ નથી છૂટી રહ્યો. તેમણે રાજ્ય અને પાર્ટી બંનેની કમાન એક સાથે સંભાળવા માટે હાઈકમાન્ડ સમક્ષ રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી આવ્યું. હાલમાં તેઓ ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી પ્રવાસની તૈયારી કરી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પણ ભરવામાં આવશે. એવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે, તિરુવનંતપુરમના સાંસદ શશિ થરૂર પણ અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી શકે છે.

રાજસ્થાન સરકારના મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસે જાણકારી આપતા જણાવ્યું કે, ગેહલોતે સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ રાજસ્થાન છોડીને નથી જઈ રહ્યા. આ સાથે જ તેમણે એ પણ જણાવ્યું કે, સીએમ અને અન્ય નેતાઓ તેમની ઉમેદવારી પર નિર્ણય લેશે. હવે એવી ખબર મળી રહી છે કે, ગેહલોત રાજસ્થાનમાં પોતાનું પદ છોડવાના મૂડમાં નથી. કોંગ્રેસ અધ્યક્ષ ચૂંટણીના એલાન બાદથી જ ગેહલોતનું નામ ચર્ચામાં આવી ગયું હતું. જોકે, તેને લઈને હજું તેમણે સ્પષ્ટતા નથી કરી પરંતુ હવે તેઓ ઉમેદવારી નોંધાવાની તૈયારી કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ પછી પણ તેઓ રાહુલ ગાંધીની પાર્ટી અધ્યક્ષ તરીકે વાપસીની આશા રાખી રહ્યા છે. આ પહેલા પણ તેઓ રાહુલની ઉમેદવારીનું સતત સમર્થન કરતા રહ્યા છે. પાર્ટીના ટોચના પદ માટે ગાંધી પરિવારની પસંદ માનવામાં આવી રહેલા ગેહલોત કથિત રીતે રાજસ્થાનની ભૂમિકાથી પણ દૂર જવા નથી માંગતા. જો એવું થશે તો તેમના વિરોધી સચિન પાયલટ આ રેસમાં આગળ આવી શકે છે.

પાર્ટીના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા પ્રમાણે મુખ્યમંત્રી અશોક ગેહલોત પાર્ટી અધ્યક્ષની સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી પદ પર બની રહેવા માંગે છે. ગેહલોતના સમર્થકો તેને કેજરીવાલ મોડલ ગણાવી રહ્યા છે. તેમના મતે જે રીતે અરવિંદ કેજરીવાલ આમ આદમી પાર્ટીના પ્રમુખની સાથે મુખ્યમંત્રી પદ સંભાળી રહ્યા છે એવી જ રીતે અશોક ગેહલોત પણ એક સાથે બે પદ સંભાળી શકે છે.

ગેહલોતે કોંગ્રેસ નેતૃત્વને કહ્યું કે તેઓ પાર્ટીના વડા બન્યા પછી પણ થોડા સમય માટે મુખ્યમંત્રી રહેવા માંગે છે.

વર્ષ ૨૦૨૦માં પાયલટના બળવાથી પ્રદેશ કોંગ્રેસમાં સંકટ સર્જાયું હતું. તે દરમિયાન યુવા નેતા ૧૮ ધારાસભ્યો સાથે દિલ્હી પહોંચ્યા હતા. લગભગ એક મહિના સુધી ચાલેલા આ રાજકીય ડ્રામાનો ગાંધી પરિવારની દરમિયાનગીરી બાદ અંત આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે, પાયલટ અને ગેહલોત બંને ૨૦૧૮ની ચૂંટણી બાદ સીએમ પદની રેસમાં હતા પરંતુ કોંગ્રેસ હાઈકમાન્ડે ૭૧ વર્ષના વરિષ્ઠ નેતાને કમાન સોંપી દીધી હતી. તે દરમિયાન પાયલટને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા હતા. જોકે, બળવા દરમિયાન તેમણે આ પદ પણ ગુમાવ્યું હતું.

### લીક થયેલા ૮૦૦ જેટલા કોલ ટેપ્સનો મામલો

# કોર્પોરેટ લોબિસ્ટ નીરા રાડિયાને સીબીઆઈ દ્વારા ક્લીન ચિટ અપાઈ

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૧

કોર્પોરેટ લોબિસ્ટ નીરા રાડિયાને સીબીઆઈ દ્વારા ક્લીન ચિટ આપવામાં આવી છે. નીરા રાડિયાને લીક થયેલા ૮૦૦ જેટલા કોલ ટેપ્સ મામલે ક્લીન ચિટ આપવામાં આવી છે. તપાસ એજન્સીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, ટેપ થયેલી વાતચીતમાં કોઈ પણ અપરાધિક વાત સામે નથી આવી. સાથે જ ટેપમાં સામેલ વાતચીત મામલે જે ૧૪ પ્રાથમિક તપાસ ચાલુ હતી તેને પણ બંધ કરવા જણાવાયું છે. એડિશનલ સોલિસિટર જનરલ એશ્વર્યા ભાટીએ બેંચને વર્ષ ૨૦૧૫માં કોર્ટ તરફથી આપવામાં આવેલા તપાસના આદેશ સાથે સંકળાયેલો રિપોર્ટ પણ જમા કરાવવા જણાવ્યું હતું. આ કેસમાં જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડની આગેવાનીવાળી જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ હિમા કોહલીની બેંચ સુનાવણી કરી રહી હતી. ભાટીએ કોર્ટને જણાવ્યું કે, તપાસ દરમિયાન કોઈ પણ અપરાધિક વાત સામે નથી આવી. તપાસના પરિણામો સાથે સંકળાયેલો એક રિપોર્ટ સીલબંધ કવરમાં કોર્ટમાં દર્શાવવામાં આવ્યો અને સંબંધિત વિભાગોને પણ મોકલવામાં આવ્યો. કોર્ટ આગામી સપ્તાહે આ મામલે આગળની સુનાવણી કરશે. કેન્દ્રીય એજન્સીની આગામી સુનાવણી પહેલા સ્ટેટસ રિપોર્ટ દાખલ કરે તેવી પણ શક્યતા છે. ઓક્ટોબર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે એજન્સીને તપાસ માટે આદેશ આપ્યો હતો. સીબીઆઈએ ૫,૮૦૦થી પણ વધારે ટેપમાં જે ચર્ચા થઈ હતી તેની તપાસ બાદ ૧૪ પોઈન્ટ્સ અલગ તારવ્યા હતા. સરકારે વર્ષ ૨૦૦૮થી ૨૦૦૯ દરમિયાન ચોરીની તપાસ મામલે રાડિયાની વાતોને ઈન્ટરસેપ્ટ કરી હતી. ત્યાર બાદ સીબીઆઈએ સંભવિત ગુનાઓની ભાળ મેળવવા માટે ૧૪ પ્રાથમિક તપાસો શરૂ કરાવી હતી.

## દિલ્હીમાં ટ્રકે રોડ પર સૂતેલા છ લોકોને કચડી નાંખ્યા, ચાર લોકોના મોત

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૨૧

દેશની રાજધાની દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં ગત રાતે એક ઝડપી આવી રહેલી ટ્રકે રોડ પર સૂતેલા પાંચ લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ૪ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે બે વ્યક્તિની તબિયત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઝડપી આવી રહેલ એક ટ્રકે રોડ પર સૂઈ રહેલા લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ચાર લોકોનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે બેની હાલ સારવાર ચાલી રહી છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ દુર્ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકોના શબને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. અકસ્માત પછી ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસની ટીમ હાલ મામલાની તપાસ કરી રહી છે. આ ઘટના રાતે ૨ વાગ્યાની છે. દિલ્હી પોલીસે મૃતકોની ઓળખ કરી લીધી છે. જે મુજબ આ દુર્ઘટનામાં ૫૨ વર્ષના કરીમ, ૨૫ વર્ષના છોટે ખાન, ૩૮ વર્ષના શાહ આલમ અને ૪૫ વર્ષના રાહુલનું મૃત્યુ થયું છે. જ્યારે ૧૬ વર્ષનો મનીષ અને ૩૦ વર્ષનો પ્રદીપ ઘાયલ છે.

પોલીસે જણાવ્યું કે આ દુર્ઘટનામાં સામેલ ટ્રકની ભાળ મેળવવા માટે ઘણી બધી ટીમની રચના કરવામાં આવી છે અને યોગ્ય કલમો અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો છે.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

રાજકીય પક્ષોને મળતા દાનમાં પારદર્શિતાની માંગ જૂની છે. ઘણા લોકો એ વાતની તરફેણમાં છે કે જેમ મતદારોને તેમના પ્રતિનિધિ વિશે જાણવાનો અધિકાર છે, તેવી જ રીતે તેમના પક્ષને પણ મળેલું દાન, તે ક્યાંથી આવ્યું, કોણે કેટલું દાન આપ્યું તેની માહિતી મેળવવી જોઈએ. પરંતુ કોઈ પણ પક્ષ આ પારદર્શિતાના પક્ષમાં જણાતો નથી. ઘણીવાર તમામ પક્ષો તેમના દાનને ગુપ્ત રાખે છે. ચૂંટણી બોન્ડની વ્યવસ્થા કરતી વખતે, એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે દાન સ્વરૂપે પક્ષકારોને આપીને કાળું નાણું છુપાવવાની વૃત્તિ પર અંકુશ આવશે. પરંતુ તે પણ આ હેતુ પૂરો કરી શક્યો નહીં. કોઈપણ બેંક દાતાની ઓળખ જાહેર કરી શકતી નથી. આ રીતે, દાનની પારદર્શિતા તો દૂર, રાજકીય પક્ષોને મળતા દાનની રકમમાં મોટો તફાવત જોવા મળ્યો છે.

હવે ચૂંટણી પંચ દાન એકત્ર કરવાની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માંગે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણે કાયદા મંત્રાલયને પત્ર લખીને રોકડ દાનની રકમ વીસ હજાર રૂપિયાથી ઘટાડીને બે હજાર રૂપિયા કરવાનું સૂચન કર્યું છે. દાન દ્વારા મળેલી રોકડ કુલ દાનના વીસ ટકા અથવા વીસ કરોડ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ. કેન્દ્ર સરકાર કાળા નાણા પર કડક વલણ અપનાવે છે, તેથી તેને આ સૂચન સ્વીકારવામાં કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. એ કોઈ રહસ્ય નથી કે ઘણા લોકો દાન સ્વરૂપે રાજકીય પક્ષોને કાળું નાણું આપે છે. પરંતુ આટલાથી ચૂંટણીમાં કાળા નાણાનો પ્રવાહ કેટલો બંધ થશે તે કહેવું મુશ્કેલ છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં જે રીતે ચૂંટણી ખર્ચમાં જબરદસ્ત વધારો થયો છે તે જોતા સરળતાથી અંદાજ લગાવી શકાય છે કે રોકડના રૂપમાં કાળું નાણું કેવી રીતે ઠાલવવામાં આવે છે. ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની મર્યાદા નક્કી કરવામાં આવી છે, પરંતુ ભાગ્યે જ કોઈ મોટા રાજકીય પક્ષના ઉમેદવાર નિશ્ચિત મર્યાદામાં નાણાં ખર્ચે છે. હવે મતદારોને રીઝવવા માટે વિવિધ મોંઘીદાટ ભેટ, રોકડ વગેરેનું પણ પુષ્કળ પ્રમાણમાં વિતરણ કરવામાં આવે છે.

મોંઘી પ્રચાર સામગ્રી, જાહેરાતોની ભરમાર વગેરે પાછળ ખર્ચવામાં આવતી રકમ નિયત મર્યાદા કરતાં અનેક ગણી વધારે છે. ચૂંટણી પંચે આને રોકવા માટે ઘણી વખત કડક સૂચનાઓ આપી છે, પરંતુ આજદિન સુધી એક પણ ઉમેદવાર એવો મળ્યો નથી, જેને નિયત મર્યાદા કરતાં વધુ ખર્ચ કરવા બદલ સજા કરવામાં આવી હોય. રાજકીય પક્ષો ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કરે છે જેથી તેઓ ચૂંટણીની મોસમમાં પૈસાના બળ પર આગળ દેખાઈ શકે. જો ચૂંટણી ખર્ચને અંકુશમાં લેવામાં સફળતા મળશે તો ચૂંટણી ભંડોળ માટેની સ્પર્ધામાં પણ ઘટાડો થશે અને રાજકીય પક્ષો પાસે પૈસા પાછળ પૈસા લેવાનું બંધ કરશે. આ સત્તા ચૂંટણી પંચ પાસે છે, પરંતુ તે આ બાબતે તે ક્યારેય કડકાઈ દેખાડતું નથી.

ત્યારે તમામ વિપક્ષી પાર્ટીઓને ચૂંટણી બોન્ડ અંગે વાંધો છે. બોન્ડ સ્વરૂપે જે દાન મળે છે તેમાંથી કેટલું કાયદેસર છે તે કોઈ જાણતું નથી. જો તેઓ ઈચ્છે તો બેંકો તેમની તપાસ કરી શકે છે, પરંતુ આ પ્રક્રિયામાં તેમના હાથ બંધાયેલા છે. જો ચૂંટણી પંચ ખરેખર દાનમાં પારદર્શિતા માટે ગંભીર છે તો તેણે આમૂલ પરિવર્તન માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવી જોઈએ.

# ક્રાંતિકારી નિર્ણયોથી ગુજરાતની કાયાપલટ : વહીવટી વિકેન્દ્રીકરણ અને સરળીકરણ થકી ઊર્જા ક્ષેત્રે ગુજરાત થયું આત્મનિર્ભર



વર્ષ ૨૦૦૫માં જ્યારે ગુજરાત વિદ્યુત બોર્ડનું જુદી જુદી સાત કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું ત્યારે કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે સરકારનું આ પગલું વહીવટી વિકેન્દ્રીકરણ અને સરળીકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે અને ગુજરાતને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવશે! ઉદ્યોગ અને ખેતી માટે સમયસર અને પૂરતી વીજળી કેવી રીતે પૂરી પાડવી એ ગુજરાતનો પ્રાણપ્રશ્ન હતો.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની દીર્ઘદૃષ્ટિથી ગુજરાતને ઊર્જાક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે વિવિધ ક્રાંતિકારી નિર્ણયો લેવા માંડ્યાં. રાજ્ય સરકાર દ્વારા 'ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩' ઘડવામાં આવ્યો. જેનો હેતુ ઔદ્યોગિક-વ્યક્તિગત ગ્રાહકોને આપવામાં આવતી સેવાઓના સંચાલન અને વિતરણમાં કાર્યક્ષમતા વધારવા તથા વીજળી ઉદ્યોગની પુનઃરચના કરવા માટેનો હતો. એપ્રિલ, ૨૦૦૫માં ગુજરાત વિદ્યુત બોર્ડને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પો. લિ., ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પો. લિ., ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., મધ્ય ગુજરાત વીજ કંપની લિ., દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. એમ સાત કંપનીઓમાં વિભાજિત કરવામાં આવ્યું. આ કંપનીઓને તેની અસરકારક સેવાઓ તથા પર્ફોર્મન્સના વિવિધ માપદંડોથી મૂલ્યાંકન કરવાનું શરૂ કરાયું. વીજ વિતરણ કંપનીઓના વહીવટમાં પારદર્શિતા આવી અને નફો પણ ઉત્તરોત્તર વધ્યો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર હસ્તકની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ રાષ્ટ્રીય સ્તરે છ+ ગ્રેડ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. કંપનીઓમાં વિભાજિત કર્યા બાદ ગુજરાતના સંપૂર્ણ ભૌગોલિક પ્રદેશના છેવાડાના વિસ્તાર સુધી વીજમાળખું ઊભું કરવાનો એક્શન પ્લાન તૈયાર કરાયો. આ માટે વીજળી ઉત્પાદકતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. વીજવિતરણ માટે વીજ વિતરણ લાઈનો અને સબસ્ટેશનોની સંખ્યા વધારવામાં આવી. છેવાડાના અને અંતરિયાળ ગામો સહિત સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના સંકલ્પ સાથે 'જ્યોતિગ્રામ યોજના'ની શરૂઆત કરવામાં આવી. રાજ્યના તમામ ગામડાઓ અને શાળાઓને ૧૦૦ ટકા વીજળી જોડાણને પ્રાથમિકતા આપવામાં આવી. જેના પરિણામે શાળાઓમાં કમ્પ્યૂટરનો ઉપયોગ વધ્યો અને ગ્રામીણ જીવનધોરણ ઊંચુ આવ્યું. સ્થાનિક ઉદ્યોગો અને આરોગ્ય તેમજ માળખાકીય સવલતો વધી. આ યોજનાએ ગામેગામ ૨૪ કલાક વીજળીનો સંકલ્પ સિદ્ધ કર્યો અને દેશના અન્ય ભાગોમાં પણ આ યોજનાનું મોડલ લાગૂ કરવામાં આવ્યું.

પુનઃપ્રાપ્ય ઊર્જાને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૯માં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પહેલી વાર સૌર ઊર્જા નીતિ જાહેર કરવામાં આવી. ચારણકામાં દેશનો સૌથી પહેલો સોલાર પાર્ક સ્થાપી કાર્યાન્વિત કરવામાં આવ્યો. કચ્છમાં વિશ્વના સૌથી મોટા ૩૦ હજાર મેગાવૉટના સોલાર-વિન્ડ પાર્કની કામગીરી પ્રગતિમાં છે. સૂર્ય ઊર્જા રૂફ ટોપ યોજના અતર્ગત રાજ્યમાં ૪૦ હજારથી વધુ ઘરોને રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવામાં સહાય આપવામાં આવી છે. આજે ગુજરાત સોલાર રૂફ ટોપ યોજનાના અમલમાં દેશભરમાં પ્રથમ સ્થાને છે.

વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ સુધીના ૪૨ વર્ષોમાં પવન ઊર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા માત્ર ૯૯ મેગાવૉટ હતી, જે વધીને છેલ્લા બે દાયકામાં આજે ૯,૧૧૦ મેગાવૉટ વીજ ઉત્પાદન થયુ છે. પહેલા ૭૦૨ સબસ્ટેશનો હતા, જેની સામે નવા ૧,૫૪૯ સબસ્ટેશનો કાર્યાન્વિત કરાયાં છે. વીજળીનું ઉત્પાદન ૮,૭૫૦ મેગાવૉટ હતું, જે આજે ૪૦,૧૩૮ મેગાવૉટથી વધુ વીજળીનું ઉત્પાદન થાય છે.

ગુજરાતની સ્થાપનાથી લઈ ૨૦૦૧ સુધીમાં, આદિજાતિ વિસ્તારોમાં ૭૫ સબસ્ટેશનોની સામે વર્ષ ૨૦૨૨ સુધીમાં નવા ૨૭૭ સ્બસ્ટશનો કાર્યરત કરવામાં આવ્યાં છે. આદિવાસી બાંધવોને નિઃશુલ્ક અને અગ્રતના ધોરણે ઘર વપરાશના વીજ જોડાણોમાં ૪ ગણો વધારો કરાયો છે. વર્ષ ૧૯૬૦થી ૨૦૦૧ સુધીમાં ૧.૬૭ લાખ વીજ જોડાણોની સામે વર્ષ ૨૦૦૨થી ૨૦૨૨ સુધીમાં ૩.૨૫ લાખ જેટલા વીજ જોડાણો આપવામાં આવ્યાં છે.

ખેડૂતોને છેલ્લા બે દશકામાં ૭૫ હજાર કરોડથી વધુની સબસિડીની રાહત આપવામાં આવી છે. રાજ્યની સ્થાપનાથી લઈ વર્ષ ૨૦૦૨ સુધીમાં ૭.૩૩ લાખ ખેતીવાડી વીજ જોડાણો હતાં. છેલ્લા બે દાયકામાં આ સંખ્યા વધીને ૧૩.૪૫ લાખ થઈ છે. રાજ્યના તમામ ધરતીપુત્રોને દિવસ દરમિયાન વીજળી મળી રહે તે માટે આંતરમાળખાકીય સવલતોના વિકાસ માટે 'કિસાન સૂર્યોદય યોજના' અંતર્ગત રૂ. ૧,૪૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. જામનગર અને જૂનાગઢ જિલ્લાઓમાં ૨૨૦ કે.વી.ના બે સબસ્ટેશનો પણ કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. ગરીબોના ઘરમાં અજવાળું કરે તેવી કોઈ યોજના અગાઉની સરકારોએ અમલમાં મૂકી ન હતી. છેલ્લા ૨૨ વર્ષોમાં ઝૂંપડાઓમાં વીજળીકરણની યોજના અંતર્ગત રૂ. ૫૩૩ કરોડના ખર્ચે ૧૦.૫૦ લાખ ગરીબ પરિવારોને વીજ જોડાણોની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જ્યારે રૂ. ૨૦.૪૬ લાખ કરોડના ખર્ચે ૩૯ હજાર ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશ માટે વિનામૂલ્યે વીજ જોડાણો આપવામાં આવ્યાં. વીજળીનું ઉત્પાદન વધ્યું, પણ પર્યાવરણના ભોગે નહીં. ગ્રીન એનર્જી જેને આપણે હરિત ઊર્જા કહીએ છીએ તેને પણ રાજ્ય સરકારે એટલું જ પ્રાધાન્ય આપ્યું છે. ક્લાઈમેટ ચેન્જને પહોંચી વળવા ઈકો-ફ્રેન્ડલી બળતણનો ઉપયોગ વધે તે માટે ગૌશાળા, પાંજરાપોળ, શૈક્ષણિક તેમજ ચેરિટેબલ સંસ્થાઓને બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા સરકારે સબસિડીની જોગવાઈ કરી છે. પરિવહન માટે નાગરિકો પરંપરાગત ઈંધણથી ચાલતા વાહનો ખરીદે તે માટે રાજ્ય સરકારે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે. કામકાજના સ્થળે રોજબરોજની મુસાફરી માટે નવું વાહન ખરીદવા ઈચ્છતા શ્રમયોગીઓને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ખરીદવા માટે 'ગો-ગ્રીન યોજના' શરૂઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં દેશભરમાં એક એલઈડી બલ્બની કિંમત ૩૦૦-૪૦૦ રૂપિયા હતી. 'ઉજાલા યોજના' અંતર્ગત એલઈડી બલ્બનું ઉત્પાદન વધારી તેની કિંમત રૂ. ૭૦-૮૦ પ્રતિ બલ્બ સુધી ઓછી કરી અને રાજ્યમાં અંદાજિત ૩૬ કરોડ એલઈડી બલ્બનું વિતરણ પણ કર્યું.

હાલમાં, રાજ્યના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા રહેણાંક તથા સરકારી મકાનો પર સોલાર રૂફટોપ, સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલી ઈલેક્ટ્રિક સ્મશાન ભઠ્ઠી, હરિત ઊર્જા અંગેના રિસર્ચ પ્રોજેક્ટ માટે સહાય, બેટરી સંચાલિત દ્વિ-ચક્રી તથા ત્રિ-ચક્રીય વાહનો ખરીદવા સહાય, સોલાર વૉટર હિટીંગ સિસ્ટમ, એલઈડી ટ્યુબલાઈટ તથા ઉર્જા કાર્યક્ષમ પંખાઓને પ્રોત્સાહન વગેરે જેવી યોજનાઓ અમલમાં છે. આજે, પાયાની માળખાકીય સુવિધાના ભાગરૂપ ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવી છે. વીજળીના ઉત્પાદનમાં જરૂરિયાથી વિશેષ ઉત્પાદન કરતું થયું છે. એટલે જ ગુજરાત આજે દેશ-વિદેશમાંથી નાગરિકો અને ઉદ્યોગોને આકર્ષી રહ્યું છે તેમાં બેમત નથી.

**(આલેખનઃ દિપક જાદવ, ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)**

# ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૫૧ના ઉછાળા સાથે રૂ.૬,૯૫૧ બોલાયો: નેચરલ ગેસમાં પણ વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિશ ત્રિવેદી
Email
naimish.trivedi@mcxindia.com

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૬,૩૦૩ સોદાઓમાં કુલ રૂ.૨૨,૧૭૪.૭૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૮૬૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૧૨૩૭.૬૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૯,૪૨૦ સોદાઓમાં કુલ રૂ.૫,૮૮૫.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૯,૧૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૫૬૯ અને નીચામાં રૂ.૪૯,૧૧૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૧ વધી રૂ.૪૯,૪૭૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૯ વધી રૂ.૩૯,૭૨૪ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૪,૯૩૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૨૦૨ના ભાવે ખૂલી, રૂ.૨૩૩ વધી રૂ.૪૯,૪૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૫૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૩૧૫ અને નીચામાં રૂ.૫૬,૪૮૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૮૫૭ વધી રૂ.૫૭,૨૦૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૭૫૨ વધી રૂ.૫૭,૫૬૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૪૮ વધી રૂ.૫૭,૬૬૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૪૮૭ સોદાઓમાં રૂ.૧,૯૬૫.૬૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૨૦ ઘટી રૂ.૧૯૪.૩૦ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૫૫ વધી રૂ.૨૮૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ વધી રૂ.૬૪૭.૭૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૫,૭૭૮ સોદાઓમાં કુલ રૂ.૨,૯૭૬.૩૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૭૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૫૧ અને નીચામાં રૂ.૬,૭૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫૧ વધી રૂ.૬,૮૯૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૯૦ વધી રૂ.૬૪૧.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૫૩ સોદાઓમાં રૂ.૩૫.૧૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૫૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૦૦૦ અને નીચામાં રૂ.૩૨,૩૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૦ વધી રૂ.૩૨,૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫ ઘટી રૂ.૯૭૪.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૯૦૯.૫૧ કરોડનાં ૫,૮૮૪.૪૪૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૯૭૬.૨૫ કરોડનાં ૫૨૦.૪૭૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૪૦૭.૫૦ કરોડનાં ૨૦,૪૬,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૬૯ કરોડનાં ૨૪૭૦૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૩.૧૭ કરોડનાં ૭૧૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૨ કરોડનાં ૧૨૨.૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૬૫૪.૨૮૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૪૫.૧૮૯ ટન, ક્રૂડ તેલમાં ૫૯૫૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૫૬૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૨૭૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૭૬૭.૫૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૭૪.૧૭ કરોડનાં ૧,૦૮૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૪૩ના સ્તરે ખૂલી, ૧૦૮ પોઈન્ટ વધી ૧૩,૭૫૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧,૨૩૭.૬૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૪૮.૨૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૫.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૩૦૬.૫૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૨૯૬.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૯૯.૮૮ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૮ ખૂલી, ઉપરમાં રૂ.૩૭૦.૯૦ અને નીચામાં રૂ.૨૮૨ રહી, અંતે રૂ.૬૦.૩૦ વધી રૂ.૩૪૯.૨૦ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ ખૂલી, ઉપરમાં રૂ.૧૭૫ અને નીચામાં રૂ.૮૬ રહી, અંતે રૂ.૪૬.૫૦ વધી રૂ.૧૫૮.૫૦ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૭.૭૫ અને નીચામાં રૂ.૮.૫૦ રહી, અંતે રૂ.૬.૯૦ વધી રૂ.૧૫.૮૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮ ખૂલી, ઉપરમાં રૂ.૪૬ અને નીચામાં રૂ.૨૫ રહી, અંતે રૂ.૨ વધી રૂ.૩૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૧,૧૩૦ અને નીચામાં રૂ.૯૦૫ રહી, અંતે રૂ.૧૮૨ વધી રૂ.૧,૦૭૨.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૩.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૮૮ અને નીચામાં રૂ.૨૧૪ રહી, અંતે રૂ.૫૨.૯૦ ઘટી રૂ.૨૨૮.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૬૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૦.૩૫ અને નીચામાં રૂ.૯.૮૦ રહી, અંતે રૂ.૯.૦૫ ઘટી રૂ.૧૧.૩૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૦.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮ અને નીચામાં રૂ.૧૫૦ રહી, અંતે રૂ.૮૭ ઘટી રૂ.૧૬૫.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૯૧ ખૂલી, ઉપરમાં રૂ.૧,૩૯૧ અને નીચામાં રૂ.૧,૧૪૦ રહી, અંતે રૂ.૩૨૧ ઘટી રૂ.૧,૧૬૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૯૦ અને નીચામાં રૂ.૧૨૬ રહી, અંતે રૂ.૫૭.૫૦ ઘટી રૂ.૧૪૫.૫૦ થયો હતો.

# જો શુક્રજંતુઓની સંખ્યા જો આવશ્યક સંખ્યામાં ન હોય તો......



ડૉ. શ્રીરામ વૈદ્ય
Mob: ૯૮૨૫૦૦૯૨૪૧
Email:
sgvaid19@outlook.com

આમ પુરુષ વંધ્યત્વના કેસમાં શુક્રજંતુઓની સંખ્યા જો આવશ્યક સંખ્યામાં ન હોય અને વધારે પ્રમાણમાં જંતુઓ મરી જતા હોય તો વિભિન્ન વાજીકરણ અને રસાયન ઔષધો, બસ્તિપ્રયોગો ખૂબ જ સહાયક બને છે. શુક્રજંતુઓની વૃધ્ધિ નિમ્ન લિખિત ઔષધ પ્રયોગો દર્દીની શારીરિક પ્રકૃત્તિ અને વીર્ય શુક્ર દ્રવના વાયુ પિત્તાદિ દોષોને ધ્યાનમાં રાખીને સામાન્ય ઉપચારમાં આ પ્રમાણે ઔષધો શકાય. શુક્રજંતુઓનો જથ્થો પ્રત્યેક મિલીલીટરમાં ૨૦ મિલ્યનથી વધુ હોવો જરૂરી છે. તમે જો એકદમ બૉર્ડરલાઈન પર હોવ તો સાવ જ પ્રેગ્નન્સી ન રહે એવી શક્યતાઓ નથી. ગર્ભધારણ માટે માત્ર કાઉન્ટ જ નહીં, મોટિલિટી એટલે કે સ્પર્મની ગતિ પણ નોંધમાં લેવી જોઈએ. જો મોટિલિટી ત્રણથી ચાર ગ્રેડ સુધીની હોય તો શુક્રાણુઓ વેગ પકડીને ફળીભૂત કરી શકે. આયુર્વેદ માને છે કે શરીરમાં પિત્ત વધી જાય ત્યારે શુક્રાણુઓની સંખ્યા ઘટતી હોય છે. શુક્રજંતુઓને વધારવા માટે આયુર્વેદમાં ઓછા નુકસાને વધુ અસરકારક રસ્તો છે. પિત્ત ઓછું થાય એવો ખોરાક લેવો. પિત્તનું શમન કરવા માટે ગાયનું ઘી, ગાયનું દૂધ, સૂકી કાળી દ્રાક્ષ જેવી ચીજો ઉત્તમ છે. સૉફ્ટ ડ્રિંક્સ, દારૂ, તમાકુ, સ્મોકિંગ કરતા હો તો એ છોડી દેવું જરૂરી છે. ખાવામાં મરચાં મસાલાવાળા ખોરાકનું સેવન બંધ કરવું. ખૂબ જ ગરમ પાણીથી સ્નાન ન કરવું. શુક્રાણુઓને ઠંડું વાતાવરણ વધુ માફક આવે છે.

શીઘ્ર સ્ખલનની સમસ્યામાં ઉપયોગી થાય અને સુખી દાંપત્યમાં સહયોગી બને એવું એક ઔષધ રસતંત્ર સાર અને સિદ્ધયોગ સંગ્રહ નામના ગ્રંથમાં આપવામાં આવ્યું છે. આ ઔષધ ઘરે બનાવવું હોય તો લવિંગ, જાવંત્રી, તજ, અક્કરકરો, સમુદ્ર શોષ ના બીજ, દળેલી સાકર, ચોખ્ખું મધ જેવા ઔષધોનો સમાવેશ થાય છે અને ગોળી બનાવી લેવી. આમાંથી બે બે ગોળી સવાર સાંજ જાયફળવાળા દૂધ સાથે લેવી. આ ગોળીના નિયમિત સેવનથી શુક્ર ધાતુ પાતળી હોય તો ઘટ્ટ બને છે. અને નપુંસકતા જેવી સ્થિતિ હોય તો દૂર થાય છે. જેમને કાયમી કબજિયાત કે બંધકોશની તકલીફ રહેતી હોય તેમણે આ ઔષધની સાથે રોજ રાત્રે હરડે, એરંડભૃષ્ટ હરીતકી કે સ્વાદિષ્ટ વિરેચનનું સેવન કરવું. શારંગધર સંહિતામાં શુક્ર સ્તંભન કરનાર એક બીજું ઔષધ આપેલ છે જેનો પાઠ નીચે મુજબ છે : અક્કલકરો, સૂંઠ, ચણકબાલ, કેસર, લીંડીપીપર, જાયફળ, લવિંગ અને સફેદ ચંદન આ આઠ ઔષધો દસ દસ ગ્રામ લઈ તેનું બારીક ચૂર્ણ બનાવી લેવું. આ ઔષધમાં જરૂરી પાણી મેળવી ઘુંટીને સૂકાય એટલે ગોળી બનાવી લેવી. આમાંથી વટાણા જેવડી બે ગોળી સવાર સાંજ ઘી તથા મધ સાથે મેળવી સતત એક માસ સુધી લેવાથી શુક્રનું સ્તંભન થાય છે અને સ્ત્રી પુરુષને પોતાના જાતીય જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે. એક બીજો ઔષધ યોગ પણ શીઘ્ર સ્ખલનમાં ઉપયોગી, અશ્વગંધા, મોટા ગોખરું વિદારી કંદ , સફેદ મૂસળી, પંજાબી સાલમ, અને અક્કલકારો આ છ ઔષધો સરખા ભાગે લઈ બારીક ચૂર્ણ બનાવી લેવું. આમાંથી એક ચમચી જેટલું ચૂર્ણ સવારે અને રાત્રે ગરમ દૂધ સાથે લેવું. આ ચૂર્ણ વીર્ય વર્ધક, કામોત્તેજક અને સ્તંભન સક્તિ વધારનારું છે. પિત્ત પ્રકૃતિવાળી વ્યક્તિએ આ ઔષધ શતાવરી અથવા તો ગળોસત્ત્વ મેળવીને લેવું. ચરક સંહિતા ના ચોથા અધ્યાયમાં ઉત્તમ દસ દસ ઔષધોના ૫૦ ગ્રૂપ પાડવામાં આવ્યા છે. તેમાં શુક્રજનન ગ્રૂપના ૧૦ ઔષધો આ પ્રમાણે આપવામાં આવ્યા છે. જીવક, ઋષભક, કાકોલી, ક્ષીર કાકોલી, જંગલી મગ, જંગલી અડદ, મેદા, મહામેદા, જટામાંસી અને કુલિંગ આ ઔષધો શુક્રને ઉત્પન્ન કરનાર ગણાવાય છે. ત્યાર પછીના ગ્રંથોમાં શુક્રદોષોના નાશ કરનાર અને શુક્ર વધારનાર અનેક ઔષધ યોગો આપવામાં આવેલા છે. તેના વ્યવસ્થિત સંશોધનની હાલ ખૂબ જ જરૂર છે. કારણકે આવા કેસોમાં આધુનિક ઔષધોથી કંઈ ખાસ પરિણામ મળતું નથી. જ્યારે આયુર્વેદિય ઉપચારક્રમથી ઘણા કેસોમાં આશ્ચર્ય થાય એવા ઘણાં સારા પરિણામ મળે છે.

ઘરે બનાવી શકાય એવો એક પાક છેઃ ગાંધીને ત્યાંથી એક કિલો સારા, કૌચાં બીજ લાવી ગરમ પાણીમાં બાફી, ફોતરા કાઢી, લૂછી, સૂકવીને ચૂર્ણ બનાવી લેવું. એ ચૂર્ણમાં બસો ગ્રામ ગાયનું ઘી મેળવી ધીમા તાપે શેકી નાખવું. દાણો પડે અને સહેજ રતાશ પકડે ત્યાં સુધી શેકવું. એ પછી દોઢ કિલો દળેલી સાકરનું ચૂર્ણ નાખી ચાસણી કરવી. ચાસણી પાકે અને તાર થવા માંડે એટલે કૌચાનો માવો અને સાડા પાંચ લીટર દૂધ તથા બસો ગ્રામ બીજું ઘી મેળવી ધીમા તાપ પર પકાવવું. - હલાવતા હલાવતા કડછીને ચોંટે એવું જાડું થાય એટલે એમાં જાયફળ, સૂંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એલચી, લવિંગ, અક્કલકરો, જાવંત્રી, તાલિમ ખાનું, કેસર, સાટોડી, બળદાણા, નાગબલા , કાળી મૂસળી, લોહભસ્મ તથા અભ્રક ભસ્મ પ્રત્યેક બબ્બે તોલા અને ચંદન, અગર તથા ભીમસેની કપૂર એ પ્રત્યેક ત્રણ ગ્રામ નાખી પાક સિદ્ધ કરવો. સવાર સાંજ આ પાકનું વીસેક ગ્રામ જેટલું સેવન કરવાથી બળ, વીર્ય, તેજ અને કામ શક્તિની વૃદ્ધિ થાય છે. શરીર પુષ્ટ બને છે અને શીઘ્ર સ્ખલન કે નપુંસકતા જેવી તકલીફ પણ દૂર થાય છે. ગળો, ગોખરૂ, આમળા, શતાવરી, અશ્વગંધા, સફેદ મુસળી, આ દરેક ઔષધો સૌ સૌ ગ્રામ લાવી તેને મિશ્ર કરી ખૂબ ખાંડી. વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી સ્વચ્છ બાટલીમાં ભરી લેવું. પછી રોજ સવારે અને રાત્રે એક ચમચી જેટલા આ ચૂર્ણમાં એટલી જ સાકર અને બે ચમચી શુધ્ધ ઘી મિશ્ર કરી દૂધ સાથે પીવું. ચંદ્રપ્રભાવટીએ, ક એક ગોળી સવારે બપોરે અને રાત્રે લેવી. વાનરિકલ્પ એક ચમચી જેટલું રાત્રે દૂધ સાથે લેવું. અમૃતાદિવટી, એક એક ગોળી સવારે, બપોરે અને રાત્રે લેવી. વંધ્યત્વના કેસમાં ખાસ કરીને શુક્રાણુની અલ્પતા હોય ત્યારે સુવર્ણ મકર ધ્વજ સાથે આ પાક આપી ખૂબ સારા પરિણામ મેળવેલા છે. આ પાકના ગ્રેન્યુઅલ્સ બનાવીને પણ દૂધ સાથે લઈ શકાય છે. રસોદ્ધાર તંત્રમાં આવા જ એક વાજિકરણ ઔષધનું વર્ણન મળે છે. જે દ્રવ્યના સેવનથી વીર્ય વધે અને વ્યક્તિ ઘોડાની માફક અથક રહીને અનેકવાર મૈથુન કરી સ્ત્રીને તૃપ્ત કરી શકે તે દ્રવ્યને આયુર્વેદમાં વાજિકરણ કહે છે. વાજિકરણ શબ્દની સાથે શુક્રની વૃદ્ધિ, સ્તંભન શક્તિ અને કામેચ્છાનું પ્રાબલ્ય પણ જોડાઈ જાય છે. આથી નિમ્નોક્ત ચૂર્ણમાં એ બધી શક્તિનો સમાવેશ થાય તેવું ઔષધ છે.

આ ચૂર્ણ બનાવવા માટે અશ્વગંધા, સફેદ મૂસળી, વિદારી કંદ, કૌચાં બીજ, શતાવરી, જેઠીમધ, જાયફળ, આમળા, લીંડી પીપર, સફેદ ચંદન, લાલ ચંદન, જટામાંસી, ગળો સત્ત્વ, એલચી અને લવિંગ આ દરેક દ્રવ્યો સો સો ગ્રામ લઈ બરાબર સાફ કરી ખાંડી નાંખવું અને જે ચૂર્ણ થાય તેને કપડાથી કે ઝીણી ચાળણીથી ચાળી શીશીમાં ભરી મૂકવું. ડાયાબિટીસ ન હોય તેવી વ્યક્તિ આમાં ચૂર્ણના વજન બરાબર ખડી સાકરનું ચૂર્ણ પણ ઉમેરી શકે. પાંચથી દસ ગ્રામ જેટલું આ ચૂર્ણ અસમાન ભાગે લીધેલા ઘી તથા મધમાં મેળવી ચાટી જવું. કફ વધારે હોય તેવી વ્યક્તિએ મધ બે ચમચી અને ઘી એક ચમચી લેવું તો પિત્ત વધારે હોય અને પાચન સારું હોય તેવી વ્યક્તિએ બે ચમચી ઘીમાં એક ચમચી મધ તથા આ ચૂર્ણ મેળવી ચાટી જવું. આ ઔષધમાં આવતા મોટા ભાગના દ્રવ્યો શુક્ર વર્ધક, શક્તિપ્રદ અને શીઘ્ર સ્ખલનને રોકનાર તથા કામેચ્છાને પ્રબળ કરે તેવા છે. પરિણીત પુરુષો માટે તો આ એક વરદાન સિદ્ધ થાય તેવું ઔષધ છે. ઈચ્છા થાય ત્યારે ઉત્તેજના થઈ શકે છે અને વધુ સમય સુધી સમાગમને માણી શકાય છે. એટલે કે શીઘ્ર સ્ખલનની તકલીફ રહેતી નથી. આ સસ્તો, સરળ અને નિર્દોષ પ્રયોગ કોઈ પણ પુરૃષ કરી શકે છે. કૌચાં, અશ્વગંધા, શતાવરી, જેઠીમધ, આમળાં, વિદારી કંદ, ગોખરુ, સફેદ મૂસળી, સાલમ પંજા અને જાયફળ આ દસ દ્રવ્યો સરખા ભાગે લઈ તેના જેટલી જ સાકર મેળવી ચૂર્ણ બનાવી લેવું. પ્રમેહના દરદીએ સાકર નાખવી નહીં. સવાર સાંજ આમાંથી પાંચ સાત ગ્રામ જેટલું ચૂર્ણ ગળ્યા ગરમ દૂધ સાથે લેવું. આના નિયમિત સેવનથી કામશક્તિ પણ પ્રબળ બને છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

### પોલીસ મંજૂરી વિના મુકી રહી છે જપ્ત કરેલાં વાહન

# અમદાવાદના રિંગ રોડ પરના ઓવરબ્રિજને પોલીસે બનાવી દીધું મુદ્દામાલનું ગોડાઉન

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યાની સાથે સાથે વાહન પાર્કિંગની સમસ્યા પણ એક ગંભીર મુદ્દો બની રહ્યો છે. જેના કારણે વાહનચાલકોને મેમાનો માર સહન કરવો પડે છે. પાર્કિંગની સમસ્યા હળવી બને તે માટે અંજલી, શ્રેયસ, રાણીપ તેમજ આંબેડકરબ્રિજની નીચે ૧૧૬૫ વાહન પાર્ક કરવાની સુવિધા ઊભી કરાઈ છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવ રિંગ રોડ પર બનેલા ઓવરબ્રિજની નીચે ઓઢવ પોલીસે મુદ્દામાલનું ગોડાઉન બનાવી દીધું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના મોટા ભાગના ઓવરબ્રિજના નીચે પેઈડ પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવી છે. જેના કારણે ટ્રાફિક પોલીસ વાહન ટો કરી શકે નહીં. એક બાજુ વાહનચાલકોને રાહત થઈ છે ત્યારે ઓઢવ રિંગ રોડ પર આવેલા બ્રિજની નીચે વાહન પાર્કિંગની સાથે સાથે પોલીસે મુદ્દામાલનું ગોડાઉન બનાવી દીધું હોવાનું પણ સામે આવ્યું છે. શહેરના કોઈ પણ વિસ્તારમાં જ્યારે અકસ્માત થાય, દારૂ ભરેલી કાર પકડાય અથવા કોઈ પણ ગુનામાં પોલીસ વાહન જપ્ત કરે તો તેને મુદ્દામાલ તરીકે પોલીસ સ્ટેશનના કેમ્પસમાં રાખવાનું હોય છે. શહેરના ૫૪ પોલીસ સ્ટેશનના કેમ્પસમાં હજારો મુદ્દામાલના વાહનો સડી રહ્યાં છે જ્યારે કેટલાંક વાહનની હાલત તો ભંગાર કરતાં પણ ખરાબ થઈ ગઈ છે. પોલીસ સ્ટેશનનો કેમ્પસ જ્યારે વાહનોના મુદ્દામાલથી ભરાઈ જાય છે ત્યારે પોલીસ કર્મચારીઓ જાહેર રોડ ઉપર પણ વાહનો મૂકી દેતા હોય છે. શહેરના પૂર્વમાં આવેલા ઓઢવ પોલીસ સ્ટેશને મુદ્દામાલનાં વાહનો મૂકવા માટે તો બ્રિજને આખે આખો ગોડાઉન બનાવી દેવાયો છે. ઓઢવ બ્રિજની નીચે વાહનો પાર્ક કરવા માટેની સુવિધા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવી છે પરંતુ પોલીસ કર્મચારીએ ભંગાર કરતાં પણ ખરાબ હાલતમાં મુદ્દામાલ ખડકી દીધા છે. પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલનો ભરાવો થઈ જતાં છેલ્લાં ઘણાં વર્ષોથી પોલીસ બ્રિજની નીચે વાહનો મૂકી રહી છે. અકસ્માત થયેલાં વાહનો, રિક્ષા, દારૂની ગાડીઓ તેમજ દબાણ કરેલી લારીઓ એવી રીતે મૂકી છે કે કોઈપણ અવરજવર કરનાર લોકોને કબાડી માર્કેટ હોવાનું લાગે છે. કબાડી માર્કેટમાં જે રીતે વાહનોના સ્પેરપાર્ટ તેમજ તૂટેલાં વાહનો મૂકી દેવામાં આવ્યાં હોય તેવી જ રીતે બ્રિજની નીચે મુદ્દામાલમાં જપ્ત થયેલાં વાહનો મૂકી દેવામાં આવ્યાં છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈપણ પ્રકારની પરમિશન લીધા વગર છેલ્લાં ત્રણેક વર્ષથી બ્રિજની નીચે પોલીસ ગેરકાયદે રીતે મુદ્દામાલ મૂકી રહી છે.

વરસાદી પાણીનાં કારણે મોટા ભાગનાં વાહનોમાં કાટ આવી ગયો છે જ્યારે કેટલાંક વાહનો રીતસરનાં સડી ગયાં છે. વાહનોની હાલત ભંગાર કરતાં પણ ખરાબ થઈ જવા છતાં પોલીસના પેટનું પાણી પણ હાલતું નથી. જો બ્રિજની નીચે ખડકેલાં વાહનો હટાવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં આખા બ્રિજને મુદ્દામાલ રાખવા માટેનું ગોડાઉન બનાવી દેવામાં આવશે.ઓઢવ પોલીસ સ્ટેશનની બહાર જેવી રીતે બ્રિજ આવેલો છે તેવી જ રીતે પાલડી પોલીસ સ્ટેશનની બહાર ઓવરબ્રિજ આવેલો છે. આ સિવાય અમદાવાદમાં ઘણાં એવાં પોલીસ સ્ટેશન છે જેની બહાર ઓવરબ્રિજ બનેલા છે.

જો ઓઢવબ્રિજની નીચે મૂકેલો મુદ્દામાલ હટાવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં પાલડી સહિતના પોલીસ સ્ટેશનના કર્મચારીઓ બિનધાસ્ત મુદ્દામાલ બ્રિજની નીચે મૂકી દેશે જેનાં કારણે વાહન પાર્કિંગ થઈ શકશે નહીં.

### રાજ્યમાં માલધારી સમાજના વિરોધનો પડઘો

# સરકાર ઝૂકી, ઢોર નિયંત્રણ બિલ આખરે પરત ખેંચાયું

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા. ૨૧

ઢોર નિયંત્રણ કાયદાને લઈ રાજ્યના માલધારી સમાજે સરકાર સામે બાંયો ચઢાવી હતી. ઢોર નિયંત્રણ કાયદો પરત ખેંચવાની માગ સાથે આજે માલધારી સમાજ દ્વારા દૂધની હડતાળ પાળવામાં આવી હતી. ત્યારે આખરે હવે સરકાર માલધારી સમાજ સામે ઝૂકી છે. ઢોર નિયંત્રણ બીલ હવે વિધાનસભા ગૃહમાં પરત ખેંચવામાં આવ્યું છે. સર્વ સંમતિથી ઢોર નિયંત્રણ બીલ પરત ખેંચવામાં આવ્યું છે. મહત્વનું છે કે, સરકાર દ્વારા ઢોર નિયંત્રણ બીલ રાજ્યપાલને રજૂ કરવામાં આવ્યું હતું. પણ હવે આ બીલ પરત ખેંચવામાં આવતા માલધારી સમાજમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં રખડતા ઢોરોને લઈ રાજ્ય સરકારે એક બીલ પસાર કર્યુ હતુ. આ બીલ રાજ્યપાલને પણ સોંપવામાં આવ્યું હતું. ત્યારે હવે ઢોર નિયંત્રણ બીલ વિધાનસભા ગૃહમાં પરત ખેંચવામાં આવ્યું છે. સર્વ સંમતિથી આ બીલ પરત ખેંચવામાં આવ્યું છે. આ કાયદા સામે માલધારી સમાજે સરકાર સામે બાંયો ચઢાવી હતી. સાથે જ આજે માલધારી સમાજ દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂધનું વિતરણ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. ત્યારે માલધારી સમાજના ભારે વિરોધ બાદ હવે સરકાર સફાળી જાગી હતી અને સર્વ સંમતિથી બીલ પરત ખેંચવામાં આવ્યું છે. તો સરકારમાં પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું કે, આ બીલ મંજૂર થયા બાદ સરકારે માલધારી સમાજના આગેવાનો સાથે ખુલ્લા મને ચર્ચાઓ કરી છે. તેમની સમસ્યા પણ સમજી છે. સાથે સાથે મહાનગર અને પાલિકામાં પણ લોકોને તકલીફ ન પડે એટલા માટે એમના માટે પણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ઢોરવાડા બનાવીને ઢોરને મૂકી જવાના અને ચૂકવણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમતોલ વ્યવસ્થા રાજ્યમાં કરીને આ ઢોર નિયંત્રણ કાયદો રાજ્યપાલે પરત મોકલ્યો છે. ત્યારે વિધાનસભામાં આજે સર્વાનુમતે પરત ખેંચવામાં આવ્યો છે.

મહત્વનું છે કે, આજે માલધારી સમાજ દ્વારા ઢોર નિયંત્રણ કાયદાનો વિરોધ કરવામાં આવ્યો હતો. સાથે જ સમગ્ર ગુજરાતમાં માલધારી સમાજ દ્વારા દૂધનું વિતરણ બંધ રાખવામાં આવ્યું હતું. જે બાદ સમગ્ર રાજ્યના કેટલાંક વિસ્તારોમાં કફોડી સ્થિતિ ઉભી થઈ હતી. અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં દુકાનો પણ બંધ કરાવવામાં આવી હતી. આ સિવાય સુરતમાં દૂધની થેલીઓ તાપીમાં ફેંકવામાં આવી હતી. પણ હવે રાજ્ય સરકારે ઢોર નિયંત્રણ બીલ પરત ખેંચતા માલધારી સમાજમાં પણ ખુશી જોવા મળી રહી છે.



ઢોર નિયંત્રણ કાયદાને લઈ રાજ્યના માલધારી સમાજે સરકાર સામે બાંયો ચઢાવી હતી. ઢોર નિયંત્રણ કાયદો પરત ખેંચવાની માગ સાથે બુધવારે માલધારી સમાજ દ્વારા દૂધની હડતાળ પાળવામાં આવી હતી. લોકોને મફત દૂધનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### નીચલી કોર્ટે ત્રણ હજાર આપવા આદેશ કર્યો હતો

# આર્મી મેનને ૪ અને ૬ વર્ષની દીકરીઓને મહિને ૧૫ હજાર ભરણપોષણ આપવા આદેશ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

બે સગીર દીકરીઓના ભરણપોષણ માટે નીચલી કોર્ટ દ્વારા જે આદેશ આપવામાં આવ્યો હતો તેની સામે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરવી કાઢવામાં આવ્યો છે.

ત્રણ હજારનું ભરણપોષણ આપવાની વાત કરાઈ હતી જેની સામે હાઈકોર્ટે સુધારો કરીને તેને ૧૫૦૦૦ કરવાનો આદેશ આપ્યો છે. બે દીકરીઓની માતાએ કરેલી અરજી બાદ હાઈકોર્ટે સગીર દીકરીઓને મહિને પંદર હજાર ચૂકવવા માટે આર્મી મેનને આદેશ કર્યો છે. પતિ ઘરથી દૂર રહેતો હોવા છતાં પત્ની પ્રેગનેન્ટ કઈ રીતે થઈ તે મામલે દંપતીનો વિવાદ ચાલતો હતો પરંતુ કોર્ટે પહેલા દીકરીઓનું વિચારીને તેમને ભરણપોષણ આપવા માટે આદેશ કર્યો છે. રિપોર્ટ્સ મુજબ ભારતીય સેનામાં ફરજ બજાવતા આર્મી મેનના પત્નીએ તેમની બે દીકરીઓના ભરણપોષણ માટે કરેલી રજૂઆત બાદ નીચલી કોર્ટે ત્રણ હજાર આપવા આદેશ કર્યો હતો. જે બાદ મહિલાએ આદેશથી નારાજ થઈને હાઈકોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી. જેને માન્ય રાખીને હાઈકોર્ટે નીચલી કોર્ટના આદેશને સુધારીને રકમને પાંચગણી વધારીને પંદર હજાર કરી દીધી હતી. બનાવની મળતી વિગતો પ્રમાણે આ કેસમાં પતિ-પત્ની વચ્ચે પત્નીના ગર્ભને લઈને ઝઘડો ચાલતો હતો. પતિ લાંબા સમયથી ઘરથી દૂર હોવા છતાં પત્ની કઈ રીતે પ્રેગનેન્ટ થઈ તે બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. જોકે, કોર્ટે બન્ને દીકરીઓ ૬ અને ૪ વર્ષની થઈ હોવાથી પહેલા તેમના જીવનનિર્વાહ અંગેનો વિચાર કરીને આ વિવાદથી પર રહીને મોટો નિર્ણય લીધો છે. આ કેસમાં અરજદાર મહિલા કે જેમણે આર્મી મેન સાથે સામાજિક અને ધાર્મિક રીતિરિવાજો પ્રમાણે વર્ષ ૨૦૧૪માં લગ્ન કર્યા હતા. આ લગ્નજીવન દરમિયાન મહિલાએ બે બાળકીઓને જન્મે આપ્યા છે અને તે માતા સાથે રહે છે. પરંતુ લગ્ન જીવનમાં વિવાદો શરુ થતા મહિલાને વર્ષ ૨૦૧૮માં ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. આ પછી તેમણે બે દીકરીઓના ભરણપોષણ અંગે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી હતી. કોર્ટે આઈપીસીની કલમ ૧૨૫ પ્રમાણે ભરણપોષણની અરજીને માન્ય રાખીને ૩૦૦૦ રૂપિયા પત્નીને ચૂકવવા માટે પતિને આદેશ કરવામાં આવ્યો હતો. જોકે, નીચલી કોર્ટના આદેશથી નારાજ પત્નીએ હાઈકોર્ટમાં ભરણપોષણની રકમ વધારવા માટે અરજી કરી હતી, જેને કોર્ટે માન્ય રાખીને રકમમાં વધારો કરીને તેને ૧૫,૦૦૦ રૂપિયા કરી આપી હતી.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગોવા ખાતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું

# પ્રાકૃતિક કૃષિના જન-અભિયાનથી દેશમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે : આચાર્ય દેવવ્રત

**(ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)**

ગાંધીનગર,તા. ૨૧

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગોવાના રાજભવન ખાતે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત ગોવાના પ્રગતિશીલ ખેડૂતોને પ્રેરક માર્ગદર્શન આપતા જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિના જન-અભિયાનથી દેશમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. રાજ્યપાલશ્રીએ ગોવા રાજ્યના ખેડૂતોને રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આ અવસરે જણાવ્યુ હતું કે, આઝાદી બાદ ખાદ્યાન્નની જરૂરિયાતોને પૂરી પાડવા હરિત ક્રાંતિના માધ્યમથી રાસાયણિક કૃષિ અપનાવવી એ જે તે સમયની જરૂરિયાત હતી. પરંતુ હવે રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યા છે. જળ-જમીન અને પર્યાવરણ દુષિત થઈ રહ્યા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધુંધ ઉપયોગથી જમીન બંજર બનતી જાય છે. રાસાયણિક કૃષિમાં કૃષિ ખર્ચ સતત વધી રહ્યો છે અને ઉત્પાદન દિન-પ્રતિદિન ઘટતું જાય છે. દુષિત ખાદ્યાન્ન, આરોગવાથી લોકો કેન્સર, ડાયાબિટીસ, હૃદય રોગ જેવા અસાધ્ય રોગના ભોગ બની રહ્યા છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે ગણાવી જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિમાં એક દેશી ગાયના છાણ-ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવો હોય છે. જેની મદદથી બનતા જીવામૃત-ઘન જીવામૃત થી જમીનમાં સૂક્ષ્મ જીવો અને અળસિયાં જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે અને સરવાળે જમીનનાં ઑર્ગેનિક કાર્બનમાં વૃદ્ધિ થાય છે અને જમીન ફળદ્રુપ બને છે. તેમણે જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણનું રક્ષણ થાય છે. દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. પાણીની બચત થાય છે. કૃષિ ખર્ચ નહિવત્ આવે છે અને ઉત્પાદન ઘટતું નથી. જેથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ઑર્ગેનિક કૃષિ પદ્ધતિથી સાવ અલગ ગણાવી પ્રાકૃતિક કૃષિના બીજામૃત, જીવામૃત-ઘન જીવામૃત, આચ્છાદન, વાપ્સા અને મિશ્ર પાકના સિદ્ધાંતોની સવિસ્તાર સમજ આપી હતી અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા સંકલ્પબદ્ધ કર્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ કરવાના ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરી શકાશે. આ અવસરે ગોવાના રાજ્યપાલશ્રી પી. એસ. શ્રીધરન પિલ્લાઈ અને ગોવાના મુખ્યમંત્રી શ્રી ડૉ. પ્રમોદ સાવંતે ગોવાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સહયોગી બનવા પ્રેરિત કર્યા હતા. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આ પ્રસંગે યોજાયેલાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનને પણ ખુલ્લુ મૂક્યું હતું.

### ૧૦ કલાક સુધી ચાલેલી સર્જરી વિના મૂલ્યે કરાઈ

# જીસીએસ હોસ્પિટલમાં દુર્લભ પ્રકારના કેન્સરની જટિલ સર્જરી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

મૂળ કલકત્તાના ૫૧ વર્ષીય અરુણ કોલેની જીસીએસ હોસ્પિટલમાં સ્ટર્નમ ટ્યૂમરની સફળ જટીલ સર્જરી કરાઈ. આ પ્રકારની સર્જરી મેડીકલ જગતમાં ખૂબ જ ઓછી જોવા મળે છે. સ્ટર્નમ (છાતીના હાડકામાં) કેન્સરની અસામાન્ય ગાંઠ માટે ડૉક્ટરોની ટીમ દ્વારા અત્યંત રેર કહી શકાય તેવી સર્જરી સફળતાપુર્વક પાર પાડી અને દર્દીને નવજીવન આપ્યું હતું. ખાનગી હોસ્પિટલમાં લાખોના ખર્ચે થતી સર્જરી આયુષ્માન ભારત યોજના અંતર્ગત GCS હોસ્પિટલમાં તદ્દન નિઃશુલ્કપણે સફળતાપૂર્વક કરવામાં આવી.

હાલ અમદાવાદ ખાતે અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અરુણભાઈને છેલ્લા એક વર્ષથી છાતીના ભાગમાં ગાંઠના કારણે અસહ્ય દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. જે કારણોસર કલકત્તાની ઘણી હૉસ્પિટલમાં બતાવ્યા છતાં કોઈ ઉકેલ ન આવતા અમદાવાદ આવવાનું નક્કી કર્યું. અમદાવાદ ખાતે જીસીએસ હોસ્પિટલમાં ડો. ઉર્વીશ શાહે (કેન્સર સર્જન) દર્દીને તપાસી અને સીટીસ્કેન, પેટ સીટી અને બાયોપ્સી રિપોર્ટ કરાવતા એ ગાંઠ કોન્ડ્રોસારકોમાની હોવાનું માલુમ પડ્યું હતું.

કોન્ડ્રોસારકોમા એ એક દુર્લભ પ્રકારનું કેન્સર છે જે સામાન્ય રીતે હાડકામાં શરૂ થાય છે, પરંતુ કેટલીકવાર હાડકાની નજીકના નરમ પેશીઓ-ટિસ્યુમાં થઈ શકે છે. આ ગાંઠનું સ્થાન ખુબ કટોકટીભર્યું હતું. છાતીમાં હાડકાંનું બનેલુ પાંસળીઓનું પીંજર હોય છે જેની અંદર ફેફસાં અને હૃદય સુરક્ષિત હોય છે. છાતીની બંને તરફ બાર-બાર પાંસળીઓ રહે તે રીતે વચ્ચેના હાડકાં સાથે જોડાઈને પીંજર જેવો આકાર તૈયાર થયેલો છે. પાંસળીના પીંજરની વચ્ચે મુખ્ય સ્થંભને સ્ટર્નમ કહે છે. આ સ્ટર્નમ ભાગમાં દર્દીને કેન્સર જોવા મળ્યું હતું જે ધીરે ધીરે વધી રહ્યું હતું. ફેફસાની પાંસળીઓને સપોર્ટ આપતું મુખ્ય હાડકું અને હૃદયના બહારના આવરણ સુધી આ ગાંઠ ફેલાયેલી હોવાથી ફેફસાના હાડકાને કાઢવું જરૂરી બને એવું હતું. આ જટિલ સર્જરી માટે સ્ટારનમના ગાંઠ-ગ્રસ્ત ભાગ નીકાળી લીધા બાદ ટાઈટેનિયમની મેશ દ્વારા પાંસળીઓને ટેકો આપવાનો વિચાર ડૉક્ટર્સ દ્વારા કરાયો. ટાઈટેનિયમ મેશની વિશેષતા એ છે કે, તેનાથી દર્દીને ભારેપણું લાગતું નથી. આ ઓપરેશન ખુબ જોખમી હોવાથી સગાની સાથે વાત કરી આખરે ઓપરેશનનો નિર્ણય લેવાયો. આ ખાસ ઓપરેશન દરમિયાન ડો. ઉર્વીશ શાહ દ્વારા કેન્સરની ગાંઠનો નિકાલ કરવાની, ડો. અનિતેશ શંકર (કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન) દ્વારા હૃદયને કોઈ હાનિ ન થાય એ કાળજી લેવાની અને ડો.પ્રમોદ મેનન (પ્લાસ્ટિક સર્જન) દ્વારા મેશનું પ્રત્યારોપણ અને પગમાંથી ચામડી લઈ છાતીના ભાગે પ્લાસ્ટિક સર્જરી કરવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ એનેસ્થેસિયા વિભાગના ડો. કેરોલીન કેરકેટા અને ટીમ દ્વારા પણ સમગ્ર ઓપરેશન દરમિયાન ખાસ કાળજી લેવામાં આવી હતી.

ડોક્ટરોની ૧૦ કલાકની અથાગ પરિશ્રમના અંતે એક કિલોની ગાંઠ દૂર કરવામાં આવી તેમજ હૃદય અને ફેફસાંના ભાગને નુકસાન ન થાય તેમ સફળ રીતે આ ઓપરેશન પૂરું થયું. પરંતુ દર્દી માટે આટલે જ મુશ્કેલીઓ પુરી થઈ ન હતી. ટાઈટેનિયમના ઈમ્પ્લાન્ટનું પણ ખુબ ધ્યાન રાખવું જરૂરી હતું. આ તબક્કામાં ડો. ભાવેશ શાહ (ઈન્ટેન્સિવિસ્ટ) અને આઈસીયુ સ્ટાફે ખુબ કાળજી રાખી દર્દીને સચોટ આઈસીયુ સારવાર આપવામાં આવી હતી.

અરુણભાઈ અને તેમના ભાઈ વરુણભાઈએ જીસીએસ હોસ્પિટલનો આભાર માનતા કહ્યું કે, "હોસ્પિટલના ડૉક્ટર્સ, પેરા-મેડિકલ સ્ટાફ અને અન્ય સ્ટાફ દ્વારા મારી યોગ્ય સારવાર કરવામાં આવી છે. હું હંમેશાં તેમનો ઋણી રહીશ. ખાનગી હોસ્પિટલમાં આ ઓપરેશન માટે લાખો રૂપિયાનો ખર્ચ થતો હોય છે, પરંતુ આયુષ્માન ભારત યોજનાને પરિણામે તદ્દન નિઃશુલ્કપણે ઓપરેશન અને સારવાર થઈ છે. અંતે ૨૦ દિવસની હોસ્પિટલ સારવાર બાદ અરુણભાઈ સંપૂર્ણ સ્વસ્થ રીતે ડિસ્ચાર્જ થઈ હાલ જાતે ચાલી શકે છે અને તમામ દિનચર્યા પણ સારી કરી શકે છે.

## વિધાનસભામાં વિરોધ કરતા કોંગી ધારાસભ્યોને બહાર કઢાયા

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા. ૨૧

આજથી વિધાનસભાનું ૨ દિવસીય વિશેષ સત્ર શરૂ થયુ છે. સત્ર શરૂ થતા જ કોંગ્રેસ ગૃહમાં આક્રમક મૂડમાં જોવા મળી. કોંગ્રેસે ન્યાય આપોના નારાથી વિરોધ શરૂ કર્યો હતો. કોંગ્રેસે માંગણી કરી કે સરકારી કર્મચારીઓને ઓપીએસ આપવું જોઈએ. સરકાર ઉદાર મન રાખી ને માગ પુરી કરે. અધ્યક્ષે કોંગ્રેસ સભ્યને બેસવાનું સૂચન કર્યુ. અધ્યક્ષે કોંગ્રેસ સભ્યને વિનંતી કરી કે બે દિવસીય ટૂંકુ સત્ર છે. ગૃહની ગરિમા જાળવી ગૃહની કાર્યવાહી આગળ ચાલવા દો. સિનિયર સભ્યો છો અને લોકોનું પ્રતિનિધિત્વ છો. લોકશાહીના નિયમ હેઠળ રજુઆત કરી શકો છો. ગૃહની અંદર દેખાવો અને ધરણા કરવા યોગ્ય નથી.

રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યોને વિનંતી કરી કે ટૂંકી મુદતના પ્રશ્ન પર ચર્ચા કરો. સમયનો ઉપયોગ કરો. બંધારણ હેઠળ ચર્ચા કરો. લોકશાહીનું હનન કોંગ્રેસ કરી રહ્યું છે. ગૃહની ગરિમા જાળવો અને તમામ સભ્યો શાંતિથી બેસો. શૈલેશ પરમારે કહ્યુ કે સરકારને વિનંતી છે કે સરકારના તમામ વિભાગના કર્મચારીઓથી સરકાર ચાલે છે. હાલ આંદોલન ચાલે છે તેની ચર્ચા કેમ ગૃહમાં થઈ ન શકે? કેમ સરકાર ચર્ચા કરવા તૈયાર નથી?

રાજેન્દ્ર ત્રિવેદીએ કોંગ્રેસના જે સભ્યો વેલમાં છે તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માગ કરી.

# નવરાત્રિમાં ગરબા પર ટેક્સનો મુદ્દો વિધાનસભામાં ગાજ્યો

### કોંગ્રેસનાં સિનિયર નેતા પરેશ ધાનાણી ગરબા ટેક્સ મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર,તા. ૨૧

નવરાત્રી નજીક છે. અને ગરબાના તાલે ઝુમવા ખેલૈયાઓ તૈયાર છે. પણ આ વર્ષે દરેક સ્ટેપ ખેલૈયાઓને મોંઘો પડવાનો છે. કેમ કે GSTએ ગરબાને પણ બાકાત નથી રાખ્યા. ગરબાના રંગને GST ફિક્કો પાડી રહ્યો છે. શેરી ગરબાના આયોજન સિવાય અન્ય કોઈ જગ્યાએ એટલે કે પાર્ટી પ્લોટમાં થતાં ગરબા પર ૧૮% GST ઝીંકી દેવામાં આવ્યો છે. જેથી નવરાત્રીમાં ગરબા પર ટેક્સનો મુદ્દો આજે વિધાનસભામાં ગાજ્યો હતો.

ગુજરાતમાં માલ અને સેવા વેરા સુધારા વિધેયક બહુમતીથી પસાર થઈ ગયું છે. જેની ચર્ચા દરમિયાન કોંગ્રેસના સિનિયર નેતા પરેશ ધાનાણી ગરબા ટેક્સ મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. અને કહ્યુંહતુંકે ગરબા પર પણ સરકાર ૧૨થી ૧૮% જેટલો ટેક્સ લઈ રહી છે. તે દુભાગ્યપૂર્ણ વાત છે. જેના જવાબમાં નાણામંત્રી કનુ દેસાઈએ ગરબા પર ટેક્સ મામલે સ્પષ્ટતા કરતાં કહ્યું કે શેરી ગરબા પર કોઈ ટેક્સ નથી લેવામાં આવતો.

કોરોના ના બે વર્ષ પછી રાજ્ય માં નવરાત્રી મહોત્સવ ના આયોજનો થઈ રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે ગરબા આયોજન ના પાસ પર પણ ૧૮ ટકા જીએસટી લાગુ કરતા ભારે વિરોધ થવા પામ્યો હતો.

ગરબામાં આયોજન ખર્ચ,ચણીયા ચોળી અને અન્ય વસ્તુઓ પણ જીએસટીમાં ભાવમાં ૨૦ થી ૩૦%નો વધારો જોવા મળ્યો છે. ચણિયા ચોળી પર ૫ ટકાથી ૧૨ ટકાનો જીએસટી લાગી રહ્યો છે. જેમાં ૧,૦૦૦થી નીચેની ચણિયાચોળી પર ૫ ટકા અને ૧,૦૦૦થી વધુની ચણિયાચોળી પર ૧૨ ટકાનો જીએસટી લાગી રહ્યો છે. જોકે સરકારે જ્યારથી જીએસટી લાગુ કર્યો છે ત્યારથી જ ચણિયાચોળી પર જીએસટી લેવાઈ રહ્યો છે. મોંઘવારીનો માર સહન કરી રહેલા ગરબા રસિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

રાજ્યમાં યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ વર્ષે ૧૧ સ્થળોએ નવરાત્રીની ઉજવણી કરાશે. ત્યારે એકવાર ફરી નવરાત્રીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ખેલૈયાઓ ઝૂમવા તૈયાર થઈ જજો. રાજ્યમાં આ વર્ષે ૮ જિલ્લાના ૧૧ સ્થળોઓ ઉજવણી કરાશે. જેમાં અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, મહેસાણા અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં નવરાત્રીની ઉજવણી કરાશે.

તદુપરાંત મંદિરોની વાત કરીએ તો ભદ્રકાળી મંદીર, અંબાજી મંદિર, આશાપુરા મંદીર અને પાવાગઢ સહિતના મંદિરોમાં આ વર્ષે નવરાત્રીની ભવ્ય ઉજવણી થશે. રાજ્ય સરકાર દ્વારા જે ઉજવણી કરવામાં આવશે તેમાં અનુરાધા પોંડવાલ, ઓસ્માન મીર અને કિર્તીદાન ગઢવી સહિતના કલાકારો ઉપસ્થિત રહેશે.

### વડોદરા એક્સપ્રેસ હાઈવેની ઘટના

# ડ્રાઈવરની આંખમાં મરચાંની ભૂકી નાખીને ચપ્પાની અણીએ લૂંટ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

વડોદરા એક્સપ્રેસ હાઈવે પર પેસેન્જર બનીને બેઠેલા ત્રણ શખ્સોએ કાર ડ્રાઈવરની આંખમાં મરચાંની ભૂકી નાખીને ચપ્પાની અણીએ લૂંટ કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં રામોલ પોલીસે લૂંટ કેસને અંજામ આપનાર ૨૧ વર્ષના ત્રણ યુવાનની ધરપકડ કરીને સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલી દીધો છે. ત્રણેય શખ્સ વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી ડ્રાઈવરનું અપહરણ કરીને પાટણ લઈ ગયા હતા જ્યાં તેને રસ્તામાં ઉતારી દીધો હતો. યેનકેન પ્રકારે ડ્રાઈવર અમદાવાદ પહોંચ્યો હતો. જ્યાં તેણે પોલીસને સમગ્ર હકીકતની જાણ કરતાં પોલીસને સફળતા મળી છે.

અમદાવાદથી વડોદરા જવા માટે સખ્યાબંધ વાહનો રામોલ ટોલટેક્સ પાસે ઊભાં હોય છે. જે રોજે રોજ ફેરા મારી પોતાનું તેમજ પરિવારનું ગુજરાન ચલાવે છે. ટોલટેક્સ પાસે રાજુ (નામ બદલ્યું છે) નામનો યુવક પણ પોતાની કારમાં વડોદરાના ફેરા મારે છે. તારીખ ૧૦ મે ના રોજ રાતે સવા અગિયાર વાગ્યાની આસપાસ રાજુ પોતાની કાર લઈને ઊભો હતો ત્યારે ત્રણ યુવકને વડોદરા જવાનું હોવાથી કારમાં બેસી ગયા હતા, જેમાં અન્ય પેસેન્જર પણ બેઠા હતા. પેસેન્જરો ફુલ થઈ જતાં રાજુએ કાર વડોદરા એક્સપ્રેસ હાઈવે પર લીધી હતી.

એક પછી એક કારના તમામ પેસેન્જર અલગ અલગ જગ્યા પર ઊતરી ગયા હતા ત્યારે ત્રણ યુવાન ઉતરવાના બાકી હતા. હાઈવે પર કાર જતી હતી ત્યારે ત્રણ યુવક પૈકી એક યુવકે છરી બતાવીને રાજુને કાર સાઈડમાં ઊભી રાખવા માટે કહ્યું હતું. રાજુએ સુમસામ હાઈવે પર કાર ઊભી રાખતાં ત્રણેય યુવકે તેની આંખમાં મરચાંની ભૂકી નાખી દીધી હતી. મરચાંની ભૂકી આંખમાં જતાંની સાથે જ રાજુએ બૂમાબૂમ કરવાની શરૂ કરી દીધી હતી પરંતુ ત્રણેય આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપીને ચૂપ રહેવાનું કહ્યું હતું.

રાજુને કારની પાછળની સીટમાં બેસાડી દીધો હતો અને તેમાંના એક યુવકે કાર ચલાવી ભાલેજથી સીધા પાટણ નજીક આવેલા નવિયાણી ગામ પાસે ઉતારી દીધો હતો. ત્રણેય યુવકે રાજુ પાસેથી મોબાઈલ ફોન અને કારની લૂંટ કરી હતી. ત્યારબાદ યેનકેનપ્રકારેણ રાજુ પરત અમદાવાદ આવ્યો હતો અને સમગ્ર ઘટનાની જાણ પોતાના પરિવારને કરી હતી. પરિવારે હિંમત આપતાં અંતે તે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે પહોંચ્યો હતો. જ્યાં પોલીસે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રામોલ પોલીસના પીઆઈ સી.આર.રાણા અને તેમની ટીમે લૂંટ કરતી ગેંગનો ભેદ ઉકેલવા માટે તપાસ તેજ કરી હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે મે મહિનામાં લૂંટાયેલી કાર હાથીજણ સર્કલથી ઓઢવ તરફ જવાની છે. બાતમીના આધારે પોલીસની ટીમે વોચ ગોઠવી હતી અને કારને રોકીને રવિકુમાર ઝાલા નામના યુવકની અટકાયત કરી હતી. પોલીસે રવિકુમારની આગવી સ્ટાઈલથી પૂછપરછ કરતાં તેણે લૂંટ કરી હોવાની કબૂલાત કરી લીધી હતી.

રામોલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.ડી.ભટ્ટે જણાવ્યું છે કે રવિકુમારની ધરપકડ બાદ રણજિત ઝાલા અને બાદરજી ઝાલાની પણ ધરપકડ કરી લીધી છે. આરોપીઓ પાટણ જિલ્લાના સુણસર ગામના રહેવાસી છે. જ્યાં મોટાભાગના ક્રિમિનલ રહે છે. આરોપીઓ ગુનાહિત માનસિકતા ધરાવે છે અને લાલચમાં આવીને કોઈપણ હદે જઈ શકે છે. પોલીસે તમામની ધરપકડ કરીને સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલી દીધો છે. આરોપીઓએ રાજુના મોં પર મરચાંની ભૂકી નાખતાં તે ચાર કલાકથી પણ વધુ સમય સુધી તડપતો રહ્યો હતો. આરોપીઓમાં એટલી પણ માનવતા હતી નહીં કે તેઓએ રાજુને પાણીથી મોં પણ ધોવડાવ્યું ન હતું. મોતના ડરથી રાજુ એકદમ ચૂપચાપ બેસી રહ્યો હતો અને બૂમો પાડવાનું પણ બંધ કરી દીધું હતું.

જ્યારે તે અપહરણકર્તાની ચુંગાલમાંથી મુક્ત થયો ત્યારે તેણે પાણીથી મોં ધોયું હતું.